# સેકટર-૨૮ બસસ્ટેન્ડ પાસેથી વરલી અને સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

## સેકટર-૨૧ પોલીસે ઝડપી પાડેલા શખ્સ સહિત ૭ સામે ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગર શહેરમાં આઈપીએલની મેચો જામતી જાય છે તેમ સટ્ટોડીયાઓનું બજાર પણ



પુરબહારમાં ખીલી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. છેલ્લા બે દિવસમાં પોલીસે શહેરના વિવિધ સ્થળો પરથી ઓનલાઈન સટ્ટો રમતા સટ્ટોડીયાઓને દબોચી લીધા છે. ત્યારે શહેરના સેકટર-૨૮ બસ સ્ટેન્ડ પાસેથી પણ સેકટર-૨૧ પોલીસે એક યુવાનને વરલી મટકું અને સટ્ટો રમતા પકડી પાડ્યો હતો.

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથકના પીઆઈ એ.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફના એએસઆઈ રાજદીપસિંહ અને કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહને સંયુકત રીતે વરલી મટકા અંગે બાતમી મળી હતી. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા સે-૨૮ પીકઅપ બસ સ્ટેન્ડ પાસેથી પેથાપુરના યુવાન હીતેન્દ્રસિંહ દશરથસિંહ વાઘેલા (ઉં.૩૫, મકાન નં.૩૫, જલારામ સોસાયટી) ને પકડી પાડ્યો હતો. પોલીસે યુવકનો મોબાઈલ ચેક કરતા વોટસએપમાં વરલીના આંક મળી આવ્યા હતા. જેમા નિતેશ બારોટ, પંકજ મારવાડી, જગો તેમજ સંજુ ઉર્ફે સંજયસિંહ વાઘેલા એ વરલીના આંક લખાવ્યા હતા. જયારે દેસાઈ નામના શખ્સ હાલમાં ચાલતી આઈપીએલ મચ પર સટ્ટો રમતો હતો. આરોપી આર.એસ.અગોરા નામ પરથી સંગ્રહ કરેલા નંબર પર સંજુ વાઘેલા નામના શખ્સને સટ્ટા વરલીનું કટીંગ કરાવતો હતો. જેથી પોલીસે પકડી પાડેલા યુવક અને બીજા ૬ મળી કુલ ૭ વ્યકિત સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

### રાજ્યના ખેડૂતો માટે સરકારનો મહત્વનો નિર્ણય

# કિસાન સર્વોદય યોજના હેઠળ ખેડૂતોને દિવસે વીજળી અપાશે

ખેડૂતોના હિતને વરેલી રાજ્ય સરકારે અનેકવિધ નિર્ણયો કર્યા છે. જેના ભાગરૂપે ખેડૂતોને દિવસે વીજળી આપવાની હિમાયત હતી તે હવે પરિપૂર્ણ થશે. કિસાન સર્વોદય યોજના હેઠળ ખેડૂતોને દિવસે વીજળી આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે, એમ ઊર્જા મંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યુ કે, ખેડૂતો માટે મહત્વાકાંક્ષી કિસાન સર્વોદય યોજનાનો શુભારંભ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૪મી ઓકટોબરે વર્ચ્યુઅલી જૂનાગઢ ખાતેથી શુભારંભ કરાવશે. આ યોજના હેઠળ રાજ્યના ૧૭.૨૫ લાખ ખેડૂતોને આવરી લેવામાં આવશે.તેમણે ઉમેર્યુ કે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખેડૂતોની વર્ષો જૂની માંગણી આજે પૂર્ણ કરી છે. દિવસે વીજળી મળતા ખેડૂતોનું ખેત ઉત્પાદન વધશે અને સાથે સાથે વીજળીની બચત પણ થશે. રાજ્યમાં હાલ ૧૫૩ ગ્રુપ છે તેમાં અડધા ગ્રુપને દિવસમાં અને અડધા ગ્રુપને રાતના વીજળી પૂરી પાડવામાં આવે છે. હવે આ યોજના હેઠળ સવારે ૫-૦૦ વાગ્યાથી રાત્રિના ૦૯-૦૦ કલાક દરમિયાન વીજળી આપવાનો નિર્ણય કર્યો છે. મંત્રી એ ઉમેર્યુ કે, કિસાન સૂર્યોદય યોજના '' હેઠળ ખેડૂતને ખેતીવાડીના વપરાશ માટે દિવસ દરમ્યાન વીજ પુરવઠો - ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ અંતિત ૧૭૫ ગીગાવોટ બિનપરંપરાગત ઊર્જા ઉત્પાદન ક્ષમતા પ્રસ્થાપિત કરવાનો લક્ષ્યાંક નિશ્ચિત કરવામાં આવ્યો છે જેમાં ૧૦૦ ગીગાવોટ (૧ લાખ મેગાવોટ) સૌર ઊર્જાનો તથા ૭૫ ગીગાવોટ (૭૫૦૦૦ મેગાવોટ) પવન ઊર્જાનો સમાવેશ છે. રાજ્ય સરકાર દ્વારા બિન-પરંપરાગત ઊર્જા ઉત્પાદનને (પવન અને સૌર ઊર્જા) પ્રોત્સાહન આપવા માટે નીતિઓ પણ જાહેર કરવામાં આવી છે.ગુજરાત ભારતના પશ્ચિમ છેડે હોવાથી ભૌગોલીક દ્રષ્ટિએ બિન પરંપરાગત ઊર્જાનો સ્ત્રોતો ખાસ કરીને પવન અને સૌર ઊર્જાના ઉત્પાદન માટે આશીર્વાદરૂપ પુરવાર થઈ છે.રાજ્યની હાલની સૌર ઊર્જા ઉત્પાદન ક્ષમતા ૩૧૨૮ મેગાવોટ છે જે આગામી વર્ષોમાં ૧૦૭૫૦ મેગાવોટ કરવાનું આયોજન છે.તેમણે ઉમેર્યુ કે, સોલાર પાવર ફક્ત દિવસના સમયગાળા દરમિયાન જ ઉપલબ્ધ હોય છે. આવનાર સમયમાં સૌર ઊર્જાની ઉત્પાદન ક્ષમતા વધવાથી દિવસમાં પાવરની ઉપલબ્ધતા વધશે. રાજયમાં હાલ ૧૭.૨૫ લાખથી વધુ કૃષિ વીજ ગ્રાહકો છે. જેમને ૧૫૩ જૂથોમાં વહેંચીને ૮૪૦૦ થી વધુ ૧૧ કેવી ના કૃષિ ફીડરો દ્વારા વીજ પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે.આ જૂથોને ૨૪ કલાકમાં મહત્તમ ૮ કલાક થી ફેઝ વીજ પુરવઠો અને ૨૪ કલાક સિંગલ ફેજ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે.

## ખૂણેખાંચરેથી

- રાજયના ૮ જિલ્લાઓમાં જ્યાં પેટા-ચૂંટણીઓ છે ત્યાં કોરોના ટેસ્ટીંગમાં વધારો કરવો જોઈએ તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં જાગી છે.
- ગાંધીનગરના નવનિયુકત મામલતદાર તરીકે એમ.પી. પટેલ આજે તેમની નવી જગ્યા પર હાજર થયા છે. મામલતદાર સુનિલ રાવલની બદલી ઉમરેઠ ખાતે કરાઈ છે.
- આજે વિકાસ કમિશનરની કચેરીમાં એન્ટીજન ટેસ્ટનો કેમ્પ કરાયો હતો જ્યાંથી માત્ર ૧ કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો.
- નવરાત્રિ પર્વમાં ગાંધીનગર શહેરમાં બેઠા ગરબાએ ભારે આકર્ષણ જમાવ્યુ છે.
- સ્વર્ણિમ સંકુલ-૧ પાસે સેનીટાઈઝેશન માટે મુકાયેલ ટનલ આજે દુરસ્તી માટે પરત લઈ જવામાં આવી છે. છેલ્લા થોડાક દિવસથી તેમાં ટેકનીકલ ક્ષતિને કારણે તે બંધ હતી.
- મહિલા ઉત્કર્ષ યોજનાની અમલવારીને લઈ આજે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા કરવામાં આવી હતી.
- રાજ્ય સરકારે આજે ૩૯ નાયબ મામલતદારોને મામલતદાર સંવર્ગમાં બઢતી આપવાના હુકમો કર્યા છે. ગાંધીનગરના ડે. મામલતદાર કે.એ. શિકારીને દાંતીવાડા મામલતદાર તરીકે બઢતી આપી નિયુક્ત કરાયા છે.

# કોલવડાની મહિલાએ પતિ, સાસુ-સસરા, દિયર નણંદ સામે શારીરીક-માનસિક ત્રાસની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગર નજીક કોલવડા ગામની મહિલાને સાસરીપક્ષના સભ્યોએ શારીરીક-માનસિક ત્રાસ આપી અપશબ્દો બોલીને માર મારી ઘરમાંથી પતિએ કાઢી મુકતા મહિલાએ પેથાપુર પોલીસ ફરીયાદ નોંધાવી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કોલવડા ગામે મહાદેવ મંદિર પાછળ ગઢવી વાસ ખાતે રહેતી મહિલા જીજ્ઞાબેનના લગ્ન વર્ષ ૨૦૧૮માં કોલવડાના સંજયભાઈ દિનેશભાઈ પટેલ સાથે થયા હતા અને હાલ તેઓને ૧ વર્ષની દિકરી છે. એક વર્ષ પહેલા મહિલાના માતા અને સસરા વચ્ચે બોલાચાલી થઈ હતી અને સાસુએ કામકાજ અંગે ઠપકો આપતા મહિલા પિયર ચાલી ગઈ હતી. રિસામણે બેઠેલી મહિલા એક માસ પહેલા જ સાસરી કોલવડા ખાતે આવ્યા હતા. ૧૮ ઓકટોબરના રોજ સાંજે મહિલાના નણંદ, અંકિતા હિરેનભાઈ પટેલ નવરાત્રીમાં દર્શન માટે કોલવડા આવ્યા હતા. બે-ત્રણ દિવસથી તબિયત સારી ન હોવાથી મહિલા પતિને રસોડું ઉપરના માળે શિફટ કરવાની વાત કરતા હતા. આ સમયે સાસુ પણ વચ્ચે બોલી રહ્યા હતા. જેથી મહિલા સાસુને ગાળો બોલી રહી છે તેવું નણંદને લાગ્યું હતું. જેથી ફરીયાદીના આક્ષેપ પ્રમાણે નણંદે ટોપ પકડીને તેમને લાફા અને ગડદા-પાટુનો માર માર્યો હતો. ત્યારબાદ સસરા દિનેશભાઈ ડાહ્યાભાઈ પટેલ, સાસુ શાંતાબેન, અને દિયર સિદ્ધાર્થ પણ ફરીયાદીને ગાળો બોલીને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. પતિએ મહિલાને વધુ મારમાંથી છોડાવી હતી. ત્યારપછી પતિએ પણ મહિલાને ઢસડીને રાખવી નથી કહી ગાડીમાં બેસાડી પિયર મુકવા આવ્યો હતો. જયારે ઘટનાની જાણ થતા મહિલાના ભાઈએ ૧૦૦ નંબર પર પોલીસને જાણ કરતા પોલીસની ગાડી આવી જતા મહિલા કોલવડા પરત આવી હતી. છેલ્લે કંટાળીને મહિલાએ પતિ, સાસુ-સસરા અને નણંદ-દિયર સામે શારીરીક-માનસિક ત્રાસ ફરીયાદ નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ૨૫ મી ઓક્ટો. સુધી ગરમીનો પ્રકોપ યથાવત રહેશે

ગાંધીનગર, તા. ૨૦
ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૫મી ઓક્ટોમ્બર સુધી ગરમીનો પ્રકોપ યથાવત રહેશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૫૮ માં આ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આ બુલેટીનમાં જણાવાયુ છે કે આગામી પાંચ દિવસ આકાશ અંશતઃ વાદળછાયુ રહેશે અને વરસાદ પડવાની સંભાવના નથી. જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૫-૩૬ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૩-૨૫ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૩૨ થી ૬૫ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. આ બુલેટીનમાં જણાવ્યુ છે કે પવનની ગતિ ૫ થી ૮ કલાક પ્રતિ કલાક રહેવાની શકયતા છે. રવિ સીઝનના વાવેતર માટેની તૈયારીઓ કરવા પણ ખેડૂતોને જણાવાયુ છે.

# નાસતો - ફરતો આરોપી એલસીબી-૨ એ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૦
ગુજરાત-રાજસ્થાનના વિવિધ જિલ્લામાંથી નાગરીકોને વિદેશ મોકલવાની લાલચ આપી રૂપીયા પડાવી ઓરીજીનલ પાસપોર્ટ મેળવી લઈને વિદેશ નહી મોકલી આપીને અનેક વ્યકિતઓ સાથે વિશ્વાસઘાત અને કબુતરબાજીના બે ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા આરોપી આમિરખાન મેહબુબખાન પઠાણને એલસીબી-૨ એ ઝડપી પાડ્યો છે.

વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા. તે સમયે સ્ટાફના મહિપાલસિંહ અને ભવાનસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર જઈને છેલ્લા એકાદ વર્ષથી નાસતો ફરતો આમિરખાન મેહબુબખાન પઠાણ (રહે નંદાસણ, મોટા મદ્રેસાની પાછળ)ને ગણેશપુરા તા.કડી,



જી.મહેસાણાને બ્રિજ નીચે થી ઝડપી પાડ્યો હતો. આ શખ્સની પુછતાછ કરતા તેણે અને સહ આરોપીઓએ નાગરીકોને સસ્તા દરે વિદેશમાં મોકલી આપવાની લાલચ આપતા હતા. ત્યારબાદ પાસપોર્ટ અને રૂપીયા લઈ નાગરીકોના નામના ખોટા અને બનાવટી વિઝા અને ખોટી અને બનાવટી પ્લેનની ટીકીટ વોટસએપથી મોકલી આપતા હતા. ગાંધીનગર જિલ્લામાં અલગ અલગ સ્થળે ઘર અને ઓફિસ ભાડે રાખી નાગરીકો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ શખ્સ અને તેની સાથેના ઈમરાનખાન બલોચ, સાહીના પઠાણ, આરીફખાન પઠાણ, અલીભાઈ સહિતના એકઠા થઈને નાગરીકો પાસેથી પાસપોર્ટ, વિઝા, કન્સલ્ટીંગ ફીના નામે અને કોરા ચેકો અને લખાણો લેતા હતા. ત્યારબાદ વિદેશના ખોટા વિઝા અને પ્લેનની ખોટી ટીકીટો વોટસએપથી મોકલી આપીને આ ટોળકીએ અનેક નાગરીકોને છેતર્યા હોવાની કબુલાત શખ્સે કરી છે.

# મહિલા આઈટીઆઈએ પ્રથમવાર પદવીદાન સમારોહ યોજયો

ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગરના સેકટર-૧૫ ખાતેની મહિલા આઈટીઆઈમાં



વર્ષ ૨૦૧૮-૧૯ની બેચ-૭૬ના તાલીમાર્થીઓનો પદવીદાન સમારોહ યુનિવર્સિટી કોલેજમાં યોજાતા પદવીદાન સમારોહની તર્જ પર યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથીપદે ઈએમસીના ચેરમેન મુકેશભાઈ પટેલ તથા મેમ્બર ચૈતન્ય શુકલા, કવેસ્ટ એલાયન્સ સ્વૈચ્છિક સંસ્થાના વિક્રાંત સોલંકી અને ઈમરાન અન્સારીજી ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા આઈટીઆઈના પદવીદાન સમારોહમાં કોપા, ફેશન ડિઝાઈન ટેકનોલોજી, સુઈંગ ટેકનોલોજી, કોસ્મેટોલોજી, હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર ટ્રેડ વગેરેના વિદ્યાર્થીઓને પદવી અપાઈ જેમાં દરેક ટ્રેડમાંથી પ્રથમ ત્રણ તાલીમાર્થીઓને મહેમાનોના હસ્તે એનસીવીટી, સર્ટીફીકેટ એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય અતિથિ મુકેશભાઈ પટેલે તાલીમાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા જયારે વિક્રાંત સોલંકીએ તાલીમાર્થીઓને નોકરી ઉપરાંત સ્વોજગાર માટે પ્રોત્સાહિત કર્યા હતા. ચૈતન્ય શુકલાએ મહિલા સશકિતકરણની વાત કરી હતી. કાર્યક્રમના પ્રારંભે આચાર્ય એચ.એલ. ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. કાર્યક્રમમાં ફરજિયાત માસ્ક-સેનેટાઈઝર સાથે સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવ્યું હતું.

## અમદાવાદ-મુંબઈ બૂલેટ ટ્રેનનું કામ L&Tને મળવાની શક્યતા

અમદાવાદ, તા. ૨૦
અમદાવાદ અને મુંબઈ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનના પહેલા ફેઝના કામનો કોન્ટ્રાક્ટ લાર્સન એન્ડ ટુબ્રો (એલએન્ડટી)ને મળવાનું લગભગ નિશ્ચિત થઈ ગયું છે. આ કામની બિડમાં કંપનીએ ટાટા પ્રોજેક્ટ અને એફકોન્સને પાછળ છોડી દીધા છે. એલએન્ડટીએ ૨૭૩ કિમીનો કોરિડોર તૈયાર કરવા માટે રૂ. ૨૪,૯૮૫ કરોડની બોલી લગાવી છે. જે ભારતના ઈન્ફ્રા પ્રોજેક્ટની અત્યાર સુધીની સૌથી નીચી બોલી છે. સરકારે સોમવારે બિડ્સ ખોલી હતી.

રેલવે બોર્ડના સીઈઓ અને ચેરમેન વી કે યાદવે ગત સપ્તાહે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ પર આવતા મહિનાથી કામ શરૂ થશે.

## અમદાવાદ જિલ્લાના વણાટ કારીગરોને સોલાર ચરખા તથા સોલર સાળનું વિતરણ કરાયુ

ગાંધીનગર, તા. ૨૦
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા તેમજ છેવાડાના માનવીને રોજગાર મળી રહે તે હેતુથી તથા રાજ્ય સરકારની રોજગાર યોજના હેઠળ સોલાર ચરખા તથા સોલર સાળ વિતરણનો કાર્યક્રમ આજે શ્રી નીલકંઠ ધામ, સંતપથ પ્રેરણા પીઠ, પીરાણા તા. દસ્ક્રોઈ ખાતે રાખવામાં યોજાયો હતો.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે ગાંધીજીએ એ જમાનામાં ખાદીનું મહત્વ પારખ્યું હતું જ તેથી જ તેમણે ખાદીના વપરાશ અને જાતે જ તેના વણાટ અને તે દ્વારા સ્વદેશીના વિચારને મજબૂત બનાવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ આત્મનિર્ભરતા પર ભાર મૂકી રહ્યા છે તેના મૂળમાં આ વિચાર રહેલો છે. કોરોનાએ આપણને જાતે સ્વ નિર્ભર બનવા મજબૂર કર્યા છે.


## પ્રાંતિજ નગરપાલિકા

### મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત એપ્રેન્ટીશીપ તથા MIS આઈ.ટી. એક્ષપર્ટ ભરતી

પ્રાંતિજ નગરપાલિકામાં એપ્રેન્ટીશીપ એક્ટ-૧૯૬૧ હેઠળ પ્રવર્તમાન નિયમોનુસાર એપ્રેન્ટીસોની તથા MIS આઈ.ટી. એક્ષપર્ટની ભરતી કરવાની હોઈ, આ કામે તા. ૨/૧૧/૨૦૨૦ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે નગરપાલિકામાં પોતાના તમામ દસ્તાવેજો સહિત વૉક ઈન ઈન્ટરવ્યુ માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. આ અગાઉ નગરપાલિકામાં વૉક ઈન ઈન્ટરવ્યુમાં હાજર રહેલ ઉમેદવારોએ કોઈ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે નહીં, તો નીચે જણાવેલ જગ્યાઓ માટેના ઉમેદવારોએ સમયસર હાજર રહેવા જણાવાવમાં આવે છે.

| અ.નં. | ટ્રેડનું નામ | લાયકાત | બેઠકો |
|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર ઓપરેટર (કોપા) | આઈ.ટી.આઈ. પાસ | ૩ |
| ૨ | પ્લમ્બર | આઈ.ટી.આઈ. પાસ | ૨ |
| ૩ | ઈલેક્ટ્રીશીયન | આઈ.ટી.આઈ. પાસ | ૧ |
| ૪ | હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર | આઈ.ટી.આઈ. પાસ | ૩ |
| ૫ | સર્વેયર | આઈ.ટી.આઈ. પાસ | ૩ |
| ૬ | મોટર મીકેનીકલ વ્હીકલ | આઈ.ટી.આઈ. પાસ | ૧ |
| ૭ | સીવીલ ડ્રાફ્ટમેન | આઈ.ટી.આઈ. પાસ | ૨ |
| ૮ | MIS આઈ.ટી. એક્ષપર્ટ | BCA/PGDCA/Diploma Computer Eng. | ૧ |

(૧) વયમર્યાદા - ૧૮ થી ૩૫ વર્ષ સુધીની રહેશે. (૨) એપ્રેન્ટીસશીપમાં નિયમોનુસાર માસિક સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવશે. (૩) MIS આઈ.ટી. એક્ષપર્ટમાં માસિક ફિક્સ રૂ. ૧૦,૦૦૦.૦૦ ચુકવવામાં આવશે. (૪)MIS આઈ.ટી. એક્ષપર્ટનો કરાર ૧૧ માસનો રહેશે તથા રીન્યુ કરવા પાત્ર રહેશે. (૫) એપ્રેન્ટીસશીપનું સમયગાળો પૂર્ણ થયેથી આપોઆપ છુટા થયેલા ગણવામાં આવશે. (૬) અગાઉ એપ્રેન્ટીસશીપ કરેલ ઉમેદવારોએ હાજર રહેવું નહીં. (૭) તમામ શૈક્ષણિક લાયકાતના પુરાવાની પ્રમાણિત નકલો અરજીપત્રક સાથે રજૂ કરવાની રહેશે.

| સહી/- | સહી/- | સહી/- | સહી/- |
|---|---|---|---|
| આકાશ પટેલ | જશોદાબેન નટવરસિંહ રાઠોડ | જગદીશભાઈ એલ. કિમતાણી | દિપકકુમાર એચ. કડિયા |
| મુખ્ય અધિકારી | ચેરમેન કારોબારી સમિતિ | ઉપપ્રમુખ | પ્રમુખ |
| પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા |



